# પ્રાંતિજમાં ફેક્ટરીઓના પ્રદૂષણથી શાકભાજીના પાકનો નાશ : ખેડૂતોમાં રોષ

## ખેડૂતોએ ગ્રાહકહિત સુરક્ષા મંડળના દરવાજા ખખડાવ્યા

પ્રાંતિજ,તા. ૨૧

બનાસકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મજરા નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ ડજારો-ઈકો ગ્રીન. પ્રા.લી. નામની ફેક્ટરી દ્વારા બાજુમાં આવેલ ખેતરોમાં થતું નુકશાન સામે ખેડૂતોએ કરેલ ગ્રાહક સુરક્ષા કરેલ ફરીયાદ સામે ગ્રાહક સુરક્ષાના પ્રમુખ નટુભાઈ બારોટે ખેડૂતોને થયેલ નુકશાનીનુ વળતર ચુકવવા માટેની નોટીસ ફેક્ટરીને મોકલી આપવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ હિંમતનગર-ચિલોડા નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ મજરા પાસે આવેલ ડજારો-ઈકો ગ્રીન પ્રા.લી. ફેક્ટરીમાંથી ઉડતા સફેદ પાવડર ચૂનો, રાખ અને કેમીકલ જેવા પદાર્થ દ્વારા બાજુમાં આવેલ ખેતરોમાં ખેડૂતોએ વાવેલ શાકભાજી જેવા કે ભીંડા, ફુલાવર પાકોને સંપુર્ણપણે નુકશાન થયું છે. ફેક્ટરીને અડીને જ આવેલ ખેડૂતોએ ફેક્ટરીમાં જઈ ફેક્ટરી માલિકને રજુઆતો કરતાં ફેક્ટરી માલિકે ખેડૂતોને વાહિયાત રજુઆતો લઈ આવવાનું નહી કહી ઉદ્ધત વર્તન કરી તેમની સાથે દાદાગીરી કરી ફેક્ટરીમાંથી બહાર કાઢી મુક્યા હતા. હાલ ખેડૂતોને ફળદ્રુપ જમીન અને ખેતીના પાકને લાખ્ખોનું નુકશાન જતાં પટેલ રમણભાઈ કચરાભાઈ તથા પટેલ અમૃતભાઈ કચરાભાઈ દ્વારા પ્રાંતિજ ખાતે આવેલ ગ્રાહક હિત મંડળનો સંપર્ક કર્યો હતો. ગ્રાહક મંડળના પ્રમુખ નટુભાઈ બારોટ દ્વારા ઘટના સ્થળે જઈ તપાસ કરી હતી. શાકભાજી બિયારણ, ખાતર, ખેડ, મજુરી, દવાઓ, પાણી સહિત માથે પડ્યું છે ત્યારે થયેલ નુકશાન સામે ફેક્ટરી માલિકને ખેડૂતોને થયેલ નુકશાનનું વળતર આપવામાં નોટીસ પાઠવી છે. હજુ પ્રાંતિજ તથા આજુબાજુના વિસ્તારોમાં કેમીકલ તેમજ સિરામિક ફેક્ટરીઓમાં પ્રદૂષણ પ્રત્યે તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. ફેક્ટરીઓ દ્વારા હવામાં છોડાતા ઝેરી પદાર્થોને લીધે થઈ રહેલ શાકભાજી તથા અન્ય ખાદ્ય ચીજ ઉત્પાદન ઉપર માઠી અસર પડી છે. હાલ તો અધિકારીઓની ઉદ્યોગ કારો સાથે મીલી ભગત અને ભ્રષ્ટાચારના કારણે તેમના સ્વાર્થ માટે પર્યાવરણના નિયમોમાં પણ છુટછાટ આપવાની નિતીના કારણે આવા ફેક્ટરી માલિકોને ફાવતુ મળી જાયછે. પ્રદુષણ નિયંત્રણ તંત્ર દ્વારા ખરેખર તપાસ થાય તો હજુ ઘણી ફેક્ટરીઓમાંથી પર્યાવરણને નુકશાન થતુ ગેરરિતીઓ બહાર આવે તેમ છે.

# ઘરમાં બાળકના જન્મ પ્રસંગે વૃક્ષ વાવી તેનો જરૂર ઉછેર કરીએ : આનંદીબેન પટેલ

પાલનપુર, તા. ૨૧

આંતરરાષ્ટ્રીય વન દિવસની ઉજવણી પ્રસાંગે મઉખ્યમંત્રી આનંદીબેન પટેલે સેટકોમ દ્વારા



રાજ્યના ૧૮ હજાર ગામડાઓમાં ૧૦ લાખથી વધુ લોકોને સંબોધન કર્યું હતું. મુખ્યમંત્રી આનંદીબેન પટેલે વિશાળ સંખ્યામાં વૃક્ષો ઉછેરવા અને પર્યાવરણનું જતન કરવા ભારપુર્વક જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ કહ્યું કે મનુષ્યનું જીવન જન્મથી મૃત્યુ સુધી વૃક્ષોથી જોડાયેલું છે. આપણા જીવનમાં એક પણ પ્રસંગ એવો નથી કે જેમાં વૃક્ષની જરૂર ન પડે. તેમણે કહ્યું કે આવનારી પેઢીને સ્વચ્છ હવા, પાણી અને ખોરાક મળએ તે માટે આપણએ વધુમાં વધુ વૃક્ષો વાવીએ અને ગુજરાતને લીલુછમ્મ, હરીયાળું બનાવીએ. મુખ્યમંત્રીએ જણાવ્યું કે આપણા શાસ્ત્રઓમાં પણ વૃક્ષોનો મહિમા કરવામાં આવ્યો છે. ભગવાન શ્રીકૃષ્ણએ ગીતામાં કહ્યું છે કે પીપળાના વૃક્ષમાં મારો વાસ . બોધિવૃક્ષ નીચે ભગવાન બુદ્ધએ તપ પણ કર્યુ હતુ. આમ વૃક્ષો સાથે આસ્થા જોડાયેલી છે. તેમણે કહ્યું કે ઘરમાં બાળકના જન્મ પ્રસંગે તેની યાદમાં જરૂર વૃક્ષ વાવીએ અને તેનો ઉછેર કરીએ. તેમણે શાળા સંકુલમાં બાળકો અને પક્ષીઓને ઉપયોગી થાય તેવા વૃક્ષો વાવવા ભારપૂર્વક જણાવ્યું હતું.

મુખ્યમંત્રીએ કહ્યું કે ગુજરાતમાં વન અને પર્યાવરણ વિભાગ દ્વારા ખુબ સારૂ કામ થયું છે. તેમણે કહ્યું કે ગુજરાતમાં સંખ્યાબંધ વન મંડળીઓ કાર્યરત છે જે વનોને સાચવવાનું અને સંવર્ધનનું કામ કરે છે. તેમણે જણાવ્યું હતુંકે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને અત્યારે આપણા દેશના લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં રાજ્યમાં અનેક વનોનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેના કારણે ગુજરાતના વન વિસ્તારમાં નોંધપાત્ર વધારો થયો છે. તેમણે કહ્યું કે આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગંગા નદીના સફાઈનું અભિયાન ઉપાડ્યું છે ત્યારે આપણે પણ આપણી પવિત્ર નદીઓને પ્રદુષિત થતી બચાવીએ. મુખ્યમંત્રીએ કહ્યું કે ગામમાં રસ્તાની બન્ને બાજુ સરસ મજાના વૃક્ષો વાવી ગામની શોભા વધારીએ. તેમણે કહ્યું કે ગ્લોબલ વોર્મિંગથી બચવા આપણે પર્યાવરણના જતન માટે કટીબદ્ધ બનીએ.

## ઊંઝા માર્કેટયાર્ડની ચૂંટણી સંપન્ન

ઊંઝા, તા. ૨૧

ઊંઝા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ખેડૂત મત વિભાગની આઠ બેઠકો માટે આજે ચૂંટણી યોજાઈ હતી. જેમાં બજાર સમિતિમાં સમાવિષ્ટ મંડળીઓના ખેડૂત મતદારોએ મતદાન કર્યું હતું. ખેડૂત મત વિભાગની આઠ બેઠકો માટે કુલ ૧૬ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં હતા. આજે સવારે ચૂંટણી અંગે મતદાન શરૂ થતાં મંડળીઓના મતદારો મતદાન કરવા માટે ઉમટી પડયા હતા. બપોર સુધીમાં મહત્તમ મતદારોએ મતદાન કરી દીધું હતું.

એશિયાભરમાં વેપારક્ષેત્રે મોખરાનું સ્થાન ધરાવતી અને આર્થિક રીતે સમૃધ્ધ એવી ઊંઝા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ખેડૂત મત વિભાગની આઠ બેઠકો માટે આજે યોજાયેલ ચૂંટણી દરમિયાન મતદાન બાબતે ઉગ્ર બોલાચાલી થઈ હતી.

આ ચૂંટણીમાં કુલ ૪૩૪ જેટલા મતદારો પૈકી ૬ જેટલા મતદારો મૈયત થયેલ હોઈ તેઓના મતો ૨૬ થતાં બાકીના ૪૨૮ મતદારોએ ઉત્સાહભેર મતદાન કર્યુ હતું. જે ૯૮.૬૧ ટકા જેટલું થયું હતું. દરમિયાન આવતી કાલે સવારે મતગણતરી શરૂ થશે અને બપોર સુધીમાં આઠેય બેઠકોના પરીણામો જાહેર થઈ જશે. આ ચૂંટણીને લઈને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

## ખેડબ્રહ્મા ખાતે આંતરરાષ્ટ્રીય વન દિવસ ઉજવાયો

ખેડબ્રહ્મામાં શનિવારના રોજ વન વિભાગ દ્વારા આંતરરાષ્ટ્રીય વન દિવસ ૨૧ માર્ચની ઉજવણી કરવામાં આવી હતી. ખેડબ્રહ્માની જ્યોતિ હાઈસ્કૂલ ખાતે વન વિભાગ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. નગરપાલિકાના કારોબારી ચેરમેન અરવિંદભાઈ રાવલ દ્વારા લાંબા આયુષ્યવાળા વૃક્ષ વાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત સેટકોમ દ્વારા મુખ્યમંત્રીનો સંદેશ સાંભળવા માટે શાળાના ૨૧૫ જેટલા બાળકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શાળાના આચાર્ય સુરેશભાઈ પટેલ, વિસ્તરણ રેન્જ ખેડબ્રહ્માના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# હિંમતનગરમાં સંકલન સમિતિની બેઠકમાં ધારાસભ્યએ અધિકારીઓનો ઉધડો લીધો

## કલેકટર કચેરી હસ્તકના વિભાગો ભ્રષ્ટાચારથી ખદબદી રહ્યા છે

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમાં સત્તાધારી પક્ષના હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ અધિકારીઓનો ઉધડો લીધો હતો. પ્રજાલક્ષી કામો પ્રત્યે અધિકારીઓની ઉદાસીનતા અને ભ્રષ્ટાચારના મુદ્દે ધારાસભ્ય એ નારાજગી વ્યકત કરી પ્રજાના કામો અને પ્રશ્નોનો ઝડપી નિકાલ લાવવા તાકીદ કરી હતી.

સાબરકાંઠા જિલ્લા કલેકટર અને પ્રભારી સચિવની ઉપસ્થિતિમાં શુક્રવારે મળેલી જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમાં સત્તાધારી ભાજપના હિંમતનગરના ધારાસભ્ય એ મહેસુલ વિભાગ તેમજ કલેકટર કચેરી હસ્તકના જુદા જુદા વિભાગોની કામગીરી પ્રત્યે નારાજગી વ્યકત કરી અધિકારીઓને તતડાવ્યા હતા. બહુમાળી ભવનમાં આવેલ કલેકટર કચેરી હસ્તકના જુદા જુદા વિભાગોમાં પ્રજાનો કામો અને પ્રશ્નો પ્રત્યે ઉદાસીનતા દાખવવામાં આવતી હોવાની તેમજ વિભાગો ભ્રષ્ટાચારથી ખદબદતા હોવાની વ્યાપક ફરિયાદો ધારાસભ્યને મળતા તેમણે સંકલન સમિતિની બેઠકમાં કડક શબ્દોમાં અધિકારીઓને જણાવ્યું હતું કે પ્રજાલક્ષી કામોમાં ઉદાસીનતા ચલાવી લેવામાં નહિ આવે ધારાસભ્ય એ અધિકારીઓને નસીહત આપતાં જણાવ્યું હતું કે પહેલાં અધિકારીઓ કાયદાનો ઉપયોગ પ્રજાના કામો ઝડપથી અને સરળતાથી થાય તે માટે કરતા હતા જયારે અત્યારે અધિકારીઓ કાયદાનો ઉપયોગ લોકોના કામો ટલ્લે ચઢાવવા માટે કરી રહ્યા છે જે ગંભીર બાબત છે.

સાબરકાંઠા જિલ્લા પ્રભારી સચિવ જયંતિ રવિ તથા કલેકટર પી. સ્વરૂપની ઉપસ્થિતિમાં યોજાયેલ સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમાં સ્વચ્છતા અભિયાનને સુદઢ બનાવવા માટે જિલ્લામાં આવેલી કચેરીઓની સ્વચ્છતા નો આગ્રહ રાખવા અનુરોધ કર્યો હતો. ઉપરાંત ૨૧મી એપ્રિલથી શરૂ થનાર કૃષિ મહોત્સવમાં ખેડૂતો ઉપરાંત સામાન્ય માણસો વધુ ભાગ લઈ શકે તે માટે વિધવા સહાય હેલ્થ કાર્ડ સહિતની વિવિધ યોજનાઓના કાર્ડ લાભાર્થીઓને પહોંચાડવાના પ્રયાસો કરવા જણાવ્યું હતું. બેઠકમાં જિલ્લા પોલીસ વડા પ્રવિણ માલ, જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન એમ. અધિક કલેકટર એસ.ડી. ધનાણી, હિંમતનગર પ્રાંત અધિકારી એમ.કે. વ્યાસ સહિત અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



### પ્રાંતિજમાં ચેટી-ચાંદ પર્વની હર્ષોલ્લાસથી ઉજવણી

પ્રાંતિજ હનુમાન મંદિર પાસે આવેલ શ્રી દશા શ્રીમાળી વાડીમાંથી ભગવાન ઝુલેલાલનો વરઘોડો નીકળી તેની સિંધી સમાજના અલગ અલગ ઘરોમાં અને દુકાનોમાં પધરામણી કરવામાં આવી હતી અને ભાંખરીયા બસ સ્ટેન્ડ પાસે આવેલ સિંધી સમાજની પરબ પાસે થઈ બજાર તરફ થઈ સમગ્ર નગરમાં વરઘોડો નિકળ્યો હતો. વરઘોડામાં ભગવાન ઝુલેલાલની માછલી વાળી ઝાંખી આકર્ષકનું કેન્દ્ર બની હતી ને આબોહૂબ ઝાંખીએ સિંધી સમાજ સહિત પ્રાંતિજ વાસીઓને આકર્ષિત કર્યા હતા. આ ઉપરાંત શંકર ભગવાન, હનુમાન દાદાના રથ પણ હતા. વરઘોડામાં લીંબુ-શરબત, કેન્ડી અને ચણાના પ્રસાદની વ્યવસ્થા કરાઈ હતી. વરઘોડો બજાર ચોક અને નાની ભાગોળ થઈ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ માલકડેશ્વર મહાદેવ મંદિર ઉપર જઈને બોખમાં દિપક જોતનું વિસર્જન કર્યું હતું. આ પ્રસંગે સિંધીસમાજના પ્રમુખ રતિલાલ ટેકવાણી, ઉપપ્રમુખ મહેશભાઈ, ધરમદાસ, હરેશભાઈ, માધુભાઈ, મનુભાઈ કિંમતાણી, જગદીશભાઈ, મનુભાઈ રામચંદાની સુનીલભાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે ચેટીચાંદ નિમિત્તે ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ પ્રાંતિજ નગરપાલિકા પ્રમુખ ગીરીશભાઈ પટેલ, મામલતદાર એ.એ.ડોડીયા, પ્રાંતિજ પી.આઈ. ભરતભાઈ પટેલ સહિત સિંધી સમાજના ભાઈ બહેનોને શુભકામનાઓ પાઠવી હતી. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## કાલે અડવાણી ગાંધીનગરમાં

પૂર્વ નાયબ વડાપ્રધાન અને ગાંધીનગર લોકસભા મતક્ષેત્રના સાંસદ લાલકૃષ્ણ અડવાણી સોમવારે તા. ૨૩ માર્ચના રોજ ગાંધીનગર લોકસભા ક્ષેત્રની મુલાકાત લેશે. આ મુલાકાત દરમ્યાન તેઓ સવારે ગાંધીનગર ખાતે સરકારી બેઠકમાં હાજરી આપશે.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

### ખેડબ્રહ્મા ખાતે આંતરરાષ્ટ્રીય વન દિવસ ઉજવાયો

ખેડબ્રહ્મામાં શનિવારના રોજ વન વિભાગ દ્વારા આંતરરાષ્ટ્રીય વન દિવસ ૨૧ માર્ચની ઉજવણી કરવામાં આવી હતી. ખેડબ્રહ્માની જ્યોતિ હાઈસ્કૂલ ખાતે વન વિભાગ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નગરપાલિકાના કારોબારી ચેરમેન અરવિંદભાઈ રાવલ દ્વારા લાંબા આયુષ્યવાળા વૃક્ષ વાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત સેટકોમ દ્વારા મુખ્યમંત્રીનો સંદેશ સાંભળવા માટે શાળાના ૨૧૫ જેટલા બાળકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શાળાના આચાર્ય સુરેશભાઈ પટેલ, વિસ્તરણ રેન્જ ખેડબ્રહ્માના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



### લક્ષ્મીપુરામાં આંતરરાષ્ટ્રિય વન દિવસની ઉજવણી કરાઈ

તા. ૨૧મી માર્ચ આંતરરાષ્ટ્રિય વન દિવસની ઉજવણી તરીકે મનાવવામાં આવે છે. સરકારની યોજનાઓ દ્વારા પર્યાવરણની સમતુલા જાળવવામાં ખુબજ ઉપયોગી છે તે અંગે ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા બાયસેગ મારફતે સેટકોમ ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું. જેને લક્ષ્મીપુરા પ્રા. શાળાના બાળકો, હાઈસ્કૂલના બાળકો કર્મચારીઓએ તથા પર્યાવરણના જતનમાં ઈચ્છુક સેવાભાવીઓએ મન ભરીને માણ્યું હતું.

(તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર, લક્ષ્મીપુરા)


## જગ્યાઓ ખાલી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવે તે ખેડૂતો સાથે ખેતી સંદર્ભે વાતો કરે કે પછી સરકારી કામગીરી કરે તે પણ પ્રશ્નો છે. આ ગ્રામસેવક સંવર્ગ એ કૃષિ વિકાસ માટે મહત્વની કડી ગણવામાં આવે છે. તે ખેડૂતોને પાક વિષયક માર્ગદર્શન, તાલીમ તેમજ રોગપાકમાં આવે તો શું પગલાં લેવા ખેતરોની મુલાકાત સહિતની કામગીરી સંભાળતા હોય છે. જિલ્લામાં ૫૦ ટકાથી પણ વધુ જગ્યાઓ ખાલી છે ત્યારે આ જગ્યાઓ ભરવા માટે સરકારમાં વારંવાર રજુઆતો પણ કરવામાં આવી છે. જો કે રાજય સરકારના પંચાયત વિભાગે વિભાગની ખાલી જગ્યા અંગે ભરતી કેલેન્ડર બનાવ્યું છે અને તે પ્રમાણે ભરતી પ્રક્રિયા થશે.

જિલ્લા સહિત રાજયમાં કૃષિ વિકાસ વર્ષની ઉજવણી તેના અંતિમ તબક્કામાં પહોંચી છે. ત્યારે કૃષિ વિકાસની કરોડરજ્જુ ગણાતા ગ્રામસેવક સંવર્ગની જગ્યાઓ આટલી મોટી સંખ્યામાં ખાલી છે. મળતી વિગતો પ્રમાણે રાજયમાં ૨૪૦૦થી વધુ પણ વધુ જગ્યાઓ ખાલી પડેલી છે.

ગાંધીનગર જિલ્લામાં વિસ્તરણ પછી કયારેય કોઈ કેડરનો રિવ્યુ નહિ કરી સરકાર દ્વારા સતત અન્યાય કરવામાં આવી રહ્યાનો મુદ્દો પ્રજાની ચર્ચાનો મુદ્દો બન્યો છે. વિકાસની વાતો થાય છે પણ ભરતી માટેનું આયોજન અગાઉથી નિશ્ચિત કરવું જોઈએ તે નથી કરાયું તે સરકારના ઉદાસીન વલણની પ્રતિતિ કરાવે છે તેવી દલીલ કરવામાં આવી રહી છે.

## શબ્દાવલી - ૫૬૭૭



### આડી ચાવી

૧. ખેંચતાણ, ધમાધમ (૫)
૬. સદ્‌ગુણી, સારૂ, સરસ (૩)
૭. હાથીનું બચ્ચું (૪)
૯. ચેતન વગરનું, સ્થૂળ (૨)
૧૦. પ્રવાહી, ફળોનો જ્યુસ (૨)
૧૨. સહાય, ઉપયોગી થવું (૩)
૧૫. ઝવેરાત, ઘરેણાં વગેરે (૨)
૧૬. બંદૂકને... પણ કહેવાય (૨)
૧૭. પ્રેમ, આકર્ષણ (૩)
૧૯. કાપો, આંખો, ઘસાવાથી થાય (૪)
૨૨. પોતાની જાતેન માનવાચક રીતે હિન્દીમાં... કહેવાય (૨)
૨૩. અણુ પદાર્થ, પરમાણુ બોંબ (૩)
૨૪. ઓછી પ્રકાશિત લાઇટને... લાઇટ પણ કહેવાય (૨)

### ઊભી ચાવી

૧. નગદ, રોકડું (૪)
૨. પતિની ચિતા સાથે બળે તેને... કહેવાય (૨)
૩. ઠંડીમાં ગળે વિંટાળવાનું કપડું (૪)
૪. અક્કલ, જ્ઞાન (૩)
૫. જલ, વારિ (૫)
૮. કોઇ જગ્યાએ અટક્યા વગરની મઝલ (૫)
૧૧. સરેરાશ, અંદાજથી (૪)
૧૩. મુસ્લિમો નમાજ પઢે તે સ્થળ (૪)
૧૪. પાણીનો ઘાટ, પાણી ભરવાનું સ્થળ (૪)
૧૮. પાણીમાં થતું કુંડાળું (૩)
૨૦. સોગન (૨)
૨૧. એક જાતનું દરિયાઇ જીવડાનું ઘર (૨)

### શબ્દાવલી ૫૬૭૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) આસમાન (૪) પાદુકા (૬) રદ (૭) પામોલીન (૯) લવણ (૧૨) વાડી (૧૩) પરસાદ (૧૬) પાળ (૧૮) સાદર (૧૯) વાલ (૨૦) લીડરશીપ (૨૧) માન

**ઊભી ચાવી :-** (૧) આરપાર (૨) સદમો (૩) નયન (૪) પાયલ (૫) કારણ (૮) લીમડી (૧૦) વરસાદ (૧૧) કોપ (૧૨) વાળ (૧૪) રસાળ (૧૫) દરવાન (૧૬) પાટલી (૧૭) તુલશી (૧૯) બાર

## આજે રાજપથ કલબની ચૂંટણી માટે મતદાન

અમદાવાદ,તા. ૨૧

પ્રતિષ્ઠા અને પાવરનો જંગ બની ગયેલી રાજપથ ક્લબની ચુંટણી માટે આવતીકાલે મતદાન યોજાનાર છે. મતદાન સવારથી શરૂ થશે અને ત્યારબાદ મતગણતરી થશે. સોમવારે તમામની આતુરતાનો અંત આવી જશે. છેલ્લા ૧૫ દિવસથી રાજપથ ક્લબની ચુંટણી જીતવા માટે મેમ્બર્સ પાવર પેનલ અને પરેશ દાણી પેનલે સંપૂર્ણ તાકાત લગાવી દીધી હતી. રાજપથ ક્લબ નજીક ફાર્મ હાઉસમાં બનાવેલા બંને જૂથોના કાર્યાલયો હાલમાં ઉમેદવારો, સમર્થકો, મિત્રો અને ક્લબના સભ્યોથી ઉભરાઈ રહ્યા હતા. મેમ્બર્સ પાવર પેનલ આ વખતે સપાટો બોલાવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે.

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ